# અરવલ્લી જિલ્લામાં ધોધમાર વરસાદ

## મોડાસામાં દીવાલ ધરાશાયી થતા બે કાર દટાતા નુકશાન

મોડાસા, તા.૨૪
અરવલ્લી જીલ્લામાં ગત રાત્રીએ ભારે પવન સાથે વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા મોડાસા શહેરમાં ભારે વરસાદ પડતા માર્ગ અને મકાન વિભાગની કચેરી નજીક આવેલી દીવાલ કકડભૂસ થતા બાજુમાં આવેલા બાલાજી એપાર્ટમેન્ટ નજીક પાર્ક કરેલી બે કાર દટાતા બંને કારને ભારે નુકશાન થયું હતું

રવિવારે સાંજે જીલ્લામાં આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા રાત્રીના સુમારે ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં શીત લહેર પ્રસરતા અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠેલા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.





અરવલ્લી જિલ્લામાં ગત મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. મોડાસા સહિત માલપુર, મેઘરજ, ધનસુરા, ભિલોડાના વિસ્તારોમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો

શહેરી વિસ્તારોમાં ક્યાંક પાણી ભરાવાના તેમજ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી મોડાસા શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાતા પ્રજાજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો મોડાસાના માલપુર રોડ વિસ્તારમાં આવેલા બાલાજી કોમ્પ્લેક્ષ પાસે સર્કિટ હાઈસની દિવાલ ધરાશાયી થઈ હતી. દિવાલ ધરાશાયી થતાં પાર્કિંગ કરેલી બે ગાડી દટાઈ ગઈ હતી.ભારે વાવાઝોડાને કારણે જિલ્લાના કેટલાય ગામડાઓમાં વીજ પોલ અને વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ બની છે.

### સાઠંબા પોલીસે દારૂના નામે તોડ કરવા પહોંચેલી

# નકલી પોલીસ ટોળકીનો પર્દાફાશ બે શખ્સોને દબોચ્યા, એક ફરાર

મોડાસા, તા.૨૪
મોટાભાગના લોકોને પોલીસનો ડર લાગતો હોય છે, અને આ ડરનો કેટલાક લોકો નકલી પોલીસ બનીને ફાયદો પણ ઉઠાવતા હોય છે અરવલ્લી જીલ્લામાં અગાઉ પણ નકલી પોલીસના નામે તોડ કરનાર ગેંગ અને પોલીસનો રોફ મારનાર શખ્શો પોલીસ ચોપડે નોંધાઈ ચુક્યા છે.



બાયડ તાલુકાના પગીયાના મુવાડા ગામે એક શખ્શના ઘરે દારૂનો ધંધો કરો છો કહી દમ મારી એલસીબી પોલીસના નામે તોડબાજી કરવા પહોંચેલા ૩ શખ્શો સામે શંકા જતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા ૧ નકલી પોલીસ નાસી છૂટ્યો હતો સાઠંબા પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી નકલી એલસીબી પોલીસને જોઈ અસલી પોલીસ પણ ચોંકી ઉઠી હતી ૨ શખ્શોને દબોચી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા નકલી પોલીસને પોલીસ સ્ટેશને લવાતા બંને શખ્શોના મોતિયા મરી ગયા હતા

બાયડ તાલુકાના સાઠંબા પોલીસ સ્ટેશન ની હદ માં આવેલ પગિયાના મુવાડા ગામે કાંતિસિંહ ના ઘરે બાઈક લઈ પહોંચેલા ત્રણ શખ્સો જીલ્લા એલસીબી પોલીસમાં ફરજ બજાવતા હોવાનું જણાવી રોફ જમાવતા અને તમે દારૂ નો ધંધો કરો છો એમ કહી જેલના સળિયા પાછળ ફિટ કરી દેવાની ધમકી આપી રૂપિયા ની માંગણી કરતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા ગામલોકોને ત્રણે શખ્શોની હરકત જોતા અને ગ્રામજનોને જોઈ ગભરાઈ જતા ત્રણે શખ્શો નકલી પોલીસ હોવાની શંકા જતા તેઓ એ સાઠંબા પોલીસ નો સંપર્ક કરતા નકલી પોલીસ ગેંગનો પર્દાફાશ થયો હતો અસલી પોલીસ પહોંચે તે પહેલા એક નકલી પોલીસ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો સાઠંબા પોલીસે ૧) શાંતિભાઈ બચુભાઈ ભરવાડ રહે. ભરવાડના મુવાડા અને ૨) મુકેશકુમાર જશવંતસિહ બારીયા રહે. સવેલા નામના

નકલી પોલીસ બનેલ શખ્શો ની ધરપકડ કરી બાઈક લઈ ફરાર થયેલા મિતેષગિરી સંજયગીરી ગોસ્વામી (રહે, સવેલા) વિરુદ્ધ ઈપીકો કલમ-૧૭૦,૧૧૪ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અસલી પોલીસ નકલી પોલીસને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લામાં નકલી પોલીસ દ્વારા લોકો પાસેથી ઘરેણાં પડાવી લેવાની, ખોટી રીતે પૈસાનો તોડ કરવાની અનેક ઘટનાઓ અત્યાર સુધી સામે આવી ચૂકી છે. ઘણીવાર નકલી પોલીસ આગળ ચેકિંગ ચાલે છે તેમ કહી સિનિયર સિટીઝનો પાસેથી દાગીના પણ સેરવી લેતા હોવાના કિસ્સા નોંધાઈ ચૂક્યા છે.

# પ્રાંતિજમાં મોડી સાંજે વાવાઝોડા સાથે બે ઈંચ વરસાદ

## અસહ્ય ગરમી બાદ તેજ પવન સાથે મેઘરાજાની તોફાની આગમન

પ્રાંતિજ તા. ૨૪
સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે મોડી સાંજે વાવાઝોડા સાથે બે ઈંચ વરસાદ ખાબક્યો હતો તો નગરજનોને અસહ્ય ગરમી બફાળા બાદ બાદમા વરસાદ પડતા ગરમી રાહત થઈ હતી.

રવિવારની મોડી સાંજે અસહ્ય ઉકળતા બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને પહેલા તેજ પવન ફુંકાયો હતો તો ધૂળની ડમરીઓ ઉડી હતી તો વાવાઝોડા બાદ અચાનક મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી જેમાં પ્રાંતિજ સહિત વિસ્તારોમાં મોટા ફોડે એક કલાકમા બે ઈંચ વરસાદ ખાબક્યો હતો તો વરસાદ પડતાં નગરજનો સહિત ખેડૂતો પશુપાલકોમાં ખુશી જોવા મળી હતી તો નગરજનોને પણ અસહ્ય બફારાથી છુટકારો થયો હતો તો ખેડૂતોને ખેતીની સીઝનની શરૂઆતમાં જ મેઘરાજાની ધમાકેદાર એન્ટી થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. તો તેજ પવન ફુંકાતા વિજળી ડુલ થઈ ગઈ હતી તો મોટા ફોડા ગાજવીજ સાથે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પસરી હતી તો એક કલાકમા બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. તો મોસમ નો કુલ વરસાદ-૧૬૩ મી.મી વરસાદ પડયો હોવાનું સત્તાવાર સમાચાર મળ્યા હતા તો હાલતો ખેડૂતોમાં પણ સિઝનનો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની સાથે ઉપરવાળાની આશા સાથે ખેતીના કામે ખેડ બિયારણ સહિત ખેતીની તૈયારીઓમાં લાગી ગયા હતા.

# હિંમતનગરમાં સવા ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૪
સાબરકાંઠા જિલ્લામાં હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ તા. ૨૪ થી ૨૭ દરમ્યાન ચોમાસુ બેસશે તેવી કરેલી આગાહી બાદ રવિવારે મોડી રાત્રે સાબરકાંઠાના પ્રાંતિજ, તલોદ, હિંમતનગર અને પોશીના પંથકમાં જોરદાર પવન સાથે વરસાદનું આગમન થયુ હતુ. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન પ્રાંતિજ અને તલોદમાં બે ઈંચ જયારે હિંમતનગરમાં અંદાજે સવા ઈંચ વરસાદ ખાબક્યો હતો. વરસાદને લીધે અનેક ઠેકાણે કલાકો સુધી વિજ પુરવઠો ખોરવાઈ જતા લોકો ગરમીમાં શેકાયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે દિવસ દરમ્યાન સખ્ત બાફ અને ઉકળાટને કારણે તથા આકાશ વાદળછાયુ રહ્યું હતું. જેના લીધે ઘડીક તડકો તો ઘડીક છાંયડો રહેતો હતો. બપોર બાદ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૦ ટકાથી વધી જતા લોકો પણ પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. સાંજે પણ ઠંડકનો અનુભવ થયો ન હતો. રાત્રે એક વાગ્યાના સુમારે અચાનક જોરદાર પવન સાથે વરસાદનું આમન થયુ હતુ. જેના લીધે પ્રાંતિજ અને તલોદ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન અંદાજે ૫૦ મીમીથી વધુ વરસાદ થયો હતો. વરસાદ શરૂ થતાની સાથે જ મોટા ભાગના સ્થળે વિજ પુરવઠો બંધ થઈ જવા પામ્યો હતો. પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ફુંકાયેલ જોરદાર પવનને કારણે ૫૦થી વધુ મકાનોના છત ઉડી ગયા હતા. જોકે કોઈ જાનહાની ન થઈ હોવાનું ડિઝાસ્ટર વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

તો બીજી તરફ હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પણ રાત્રે ૩૦ મીમી વરસાદ પડ્યો હતો. જેના કારણે લોકોને બાફ અને ઉકળાટમાંથી છુટકારો મળ્યો હતો. વિજયનગર પંથકમાં પણ અડધો ઈંચ વરસાદ થયો હતો. દરમ્યાન સોમવારે સવારથી જ વાતાવરણમાં બાફ અને ઉકળાટ અસહ્ય હોવાને કારણે વધુ વરસાદ થવાનુ અનુમાન છે. આમેય હવામાન વિભાગે સાબરકાંઠા સહીત ઉત્તર ગુજરાતમાં તા. ૨૪થી ૨૭ દરમ્યાન સત્તાવાર ચોમાસાનું આગમન થવાની આગાહી કરી છે.



માલપુર નગરના વડલા ફળી ના પ્રમુખ ઘનશ્યામ મહેતા અને જાગૃત યુવા કાર્યકર નિખિલ ભાઈ દરજી દ્વારા માલપુર શાળા નંબર-૨ માં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીને સ્કૂલ બેગ અને પુસ્તકો ભેટમાં આપી અન્ય ને પણ ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યે મદદ કરવાની પ્રેરણા મળે એવું ઉમદા કાર્ય કરતા નગરજનો માં આનંદ ની લાગણી છવાઈ.

## સાબરકાંઠા ભાજપ દ્વારા સંગઠન પર્વ અંગે બેઠકો યોજાશે

ભારતીય જનતા પક્ષએ વિશ્વમાં સૌથી મોટી લોકશાહી પક્ષના સદસ્યો ધરાવતી પાર્ટી છે. ભાજપા દ્વારા આગામી ૬ જુલાઈથી ૧૧ ઓગષ્ટ સુધી સદસ્યતા વૃધ્ધિ અભિયાન ચલાવાશે પક્ષના આગામી કાર્યક્રમો વિશે વધુ માહીતી આપતા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે જણાવેલ કે, ગુજરાત ભાજપના ૧ કરોડ ૧૩ લાખ પ્રાથમીક સદસ્યો છે તેમાં ૫૦% ઉપરાંત વધારો કરવાનો લક્ષાંક છે. સાબરકાંઠા જીલ્લામાં પણ પ્રદેશ કક્ષાએથી જીલ્લામાં સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જ તરીકે હાલ ઉપપ્રમુખ પદે જવાબદારી સંભાળતા વિજયભાઈ પંડ્યાની ઈન્ચાર્જ તરીકે નિમણુંક કરેલ છે. જયારે સહ ઈન્ચાર્જમાં પંકજભાઈ દેસાઈ અને ગીતાબેન પટેલની નિમણુંક કરવામાં આવેલ છે.

# વડગામ તાલુકાના સકલાણાથી વરણાવાડા રોડ વચ્ચે બાવળ પડતાં વાહન વ્યવહાર ખોરવાયો

## વન વિભાગની આડોડાઈથી વડગામ પંથકમાં અનેક બાવળો ધરાશાયી

વડગામ, તા.૨૪
વડગામ તાલુકા માં આવેલી વન વિભાગ ની કચેરી ની આડોડાઈ નો ભોગ ચોમાસા માં વડગામ ની જનતા બની રહીછે છતાં પણ વન વિભાગ ના કર્મચારીઓ ના પેટનું પાણી પણ હાલતું નથી.



વડગામ થી વાયા સકલાણા થઈને વરણાવાડા જવાના માર્ગ ઉપર સોમવાર ના સવારે જ એક મહાકાય બાવળ રોડ વચ્ચે ધરાશયી થતાં સદનસીબે કોઈ વાહન ન હોવાથી મોટી દુર્ઘટના બનતી અટકી હતી પરંતુ સવારના રોડ ઉપર પડેલા બાવળના વૃક્ષ ના કારણે રોડ બંધ થઈ જવા પામ્યો હતો અને વડગામ થી વાયા ધોતા સકલાણા થઈને વરણાવાડા જવાનો રસ્તો જ બંધ થઈ ગયો હતો જેના કારણે આખો દિવસ વાહન વ્યવહાર ખોરવાયો હતો તમામ વાહનો ને અંધ વચ્ચે થીજ પાછા ફરવાની ફરજ પડી રહી હતી વાહન ચાલકો પણ પરેશાન થઈ રહ્યા હતા વરણાવાડા લોકોને વડગામ આવવા જવા માટે પણ તકલીફ સહન કરવી પડી રહી હતી વનવિભાગ સત્તાધીશો દ્વારા ચોમાસા પહેલાં રોડની સાઈડમાં ઉભેલા વૃક્ષો ના ઉપરના ફાલ તેમજ કટીંગ કરવાનું હોય છે જેના કારણે ચોમાસા માં વરસાદ ના કારણે રોડ પર વૃક્ષો પડતાં અટકાવી શકાય તેમજ કોઈ ઘટના પણ બનતી અટકી શકે પરંતુ વડગામમાં વન વિભાગ ના સત્તાધીશો કુંભકર્ણ ની નિદ્રામાં પોઢી રહ્યા હોય તેવો અહેસાસ વડગામ ના લોકોને થઈ રહ્યો છે વડગામ માં પડેલા વરસાદના કારણે વડગામ વરણાવાડા રોડ ઉપર તેમજ વડગામ થી મેમદપુર જવા ના માર્ગ પર બાવળના વૃક્ષો રોડ વચ્ચે પડતાં અનેક વાહન ચાલકો ને હાડમારી ઓ વેઠવી પડી હતી પરંતુ જેની જવાબદારી છે તે વન વિભાગ ના કર્મચારીઓ ગોત્યાપણ વડગામ માં જડતા નથી અને રોડ વચ્ચે પડેલા વૃક્ષોને હટાવાતા ન હોવાથી ના છૂટકે લોકો ને રસ્તો કીલીયર કરવો પડે છે ત્યારે કલેકટર દ્વારા વન વિભાગ ના કર્મચારીઓ ને પોતાની ફરજોનું ભાન કરાવાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.



## પાલનપુર બ્રહ્મ સમાજ ના ૫૧ બટુકોને ઉપનયન સંસ્કાર

પાલનપુર ખાતે શ્રી પાંત્રીસી ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ પ્રેરિત શ્રી પાંત્રીસી યુવક મંડળ આયોજિત સમૂહ ઉપનયન સંસ્કાર સમારોહ ૨૦૧૯ કાર્યક્રમ ગણેશપુરા પટેલ સમાજ ની વાડી માં યોજવામાં આવ્યો હતો. સમાજના જ્ઞાતિબંધુઓ એ તન, મન અને ધનથી સહયોગ આપ્યો હતો. સમાજના ૫૧ બટુકો ને ઉપનયન સંસ્કારના આચાર્ય ડો. શૈલેશભાઈ વ્યાસ એ યજ્ઞોપવિત ધારણ કરાવી હતી.આ પ્રસંગે દાતાઓનો સત્કાર સમારોહ, ઋણ સ્વીકાર તેમજ ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના પ્રમુખ શંકરલાલ રાવલ, મંત્રી ભીખાભાઈ રાવલ, પાલનપુર મંડળના પ્રમુખ રમેશભાઈ પંડ્યા , અગ્રણી બાબુલાલ રાજગોર,શાંતિલાલ શાસ્ત્રી,જયંતિલાલ વ્યાસ સહિતના આગેવાનોએ હાજર રહી કાર્યક્રમ ને દિપાવ્યો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના પ્રમુખ હર્ષદભાઈ ત્રિવેદી,ઉપપ્રમુખ લલિત પુરોહિત, મંત્રી પરેશ રાવલ,ખજાનચી ભાસ્કર રાવલ, સહમંત્રી કેવલ જોષી, સંગઠન મંત્રી જયેશ રાવલ, ચિરાગ જોષી સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રારંભ કરેલ

# બાળકોના પોષણ માટેની દૂધ સંજીવની યોજના ખોટકાઈ

## શાળાઓમાં નવું સત્ર શરુ થયાના ૧૫ દિવસ પછી પણ કોઈ ઠેકાણા નહિ..!

મોડાસા, તા.૨૪
રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મોડાસામાં અરવલ્લી જીલ્લા પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડી કેન્દ્રમાં ભણતા બાળકોના શારીરિક સ્વાસ્થ્ય નિરોગી અને કુપોષણ દૂર થાય તે માટે દૂધ સંજીવની યોજના શરુ કરવામાં આવી હતી અને આ યોજના રાજ્યના અન્ય આદિવાસી જીલ્લામાં અમલમાં મુકવામાં આવી હતી.

રાજ્યમાં પ્રાથમિક શાળામાં નવા સત્રના પ્રારંભ થયાના ૧૫ દિવસનો સમય વીતવા આવ્યો છતાં દૂધ સંજીવની યોજના હેઠળ બાળકોને પહોંચાડતું ફ્લેવર્ડ દૂધ અગમ્ય કારણોસર બંધ રહેતા બાળકો પોષણથી વંચિત રહ્યા છે

અરવલ્લી જીલ્લામાં દૂધ સંજીવની યોજના પ્રાથમિક શાળાના અને આંગણવાડીના બાળકોના સ્વાસ્થ્ય માટે અને પોષણ માટે ખુબજ ફાયદાકારક સાબિત થવાની સાથે ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટાડવામાં મદદરૂપ બની રહી છે જીલ્લાના અંતરિયાળ વિસ્તારોની પ્રાથમિક શાળાઓ અને ગરીબી રેખા હેઠળ જીવતા બાળકોને શાળા સુધી ખેંચી લાવવામાં પણ આ યોજના ફાયદારૂપ બની રહી હતી કેટલાક બાળકો દૂધ સંજીવની યોજના બંધ થતા શાળાએ આવવાનું પણ બંધ કરી દીધું હોવાનું કેટલાક શિક્ષકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.



અરવલ્લી જીલ્લામાં ખોટકાઈ પડેલી દૂધ સંજીવની યોજના ઝડપથી શરુ કરવામાં આવે અને જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોના પોષણ માટે સંજીવની યોજના પૂર્વરત કરવામાં આવેની માંગ વાલીઓમાં ઉગ્ર બની છે

### અરવલ્લી જિલ્લા પુરવઠા અધિકારી સોજીત્રા બેનના જણાવ્યા અનુસાર

દૂધ સંજીવની યોજનામાં ફેલવર્ડ દૂધ પૂરું પાડતી સાબરડેરીમાં પ્લાન્ટનું સિફટીંગ ચાલતું હોવાથી પ્લાન્ટ સીફ્ટ થતા તુરંત અરવલ્લી જીલ્લામાં દૂધ સંજીવની યોજના પૂર્વરત થઈ જશે.

### નાયબ મામલતદારનું બેજવાબદારી ભર્યું વર્તન

મધ્યાહન ભોજન યોજનાના નાયબ મામલતદાર જે.જે.પટેલ ને દૂધ સંજીવની યોજના જીલ્લામાં બંધ હોવા અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા અગમ્ય કારણોસર દૂધ સંજીવની યોજનાનું નામ પડતા જ જોવડાવી લઉં અને નાયબ કલેક્ટરને પૂછો સહીતના જવાબો આપી નાયબ કલેક્ટર કચેરીનો નંબર પણ આપવાનું ટાળ્યું હતું અને સતત ટેલિફોનિક સંપર્ક કરવા છતાં ફોન કાપી નાખ્યો હતો.

# અજાવાસમાં જીપ પલ્ટી ખાઈ જતા બે ના મોત

હિંમતનગર, તા. ૨૪
પોશીના તાલુકાના અજાવાસ ગામના રાજેટા ફળી નજીક રવિવારે પસાર થઈ રહેલ એક જીપના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી જીપને પલ્ટી ખવડાવી દેતા તેમાં બેઠાલા ચાર મુસાફરો પૈકી બે જણાના ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા હતા તથા અન્ય બે જણાને ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે અજાવાસ ગામના પોપટભાઈ ભુતાભાઈ બુંબડીયાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવારે બે વાગ્યાના સુમારે રજેટાફળા નજીકથી પસાર થઈ રહેલ જીપ નં. જીજે.૦૯. બીબી. ૬૮૯૫ના ચાલક હરીયાભાઈ ચુનાભાઈ ગમારે જીપને બેફીકરાઈથી અને ગફલતભરી રીતે હંકારતા જીપમાં બેઠેલા ચારેય મુસાફરોએ બુમાબુમ કરી હતી. દરમિયાન ચાલકે જીપના ડ્રાઈવીંગ પરથી કાબુ ગુમાવી દેતા જીપ પલ્ટી ખાઈ ગઈ હતી. જેના લીધે જીપમાં મુસાફરી કરી રહેલ બિજરીબેન ભુતાભાઈ બુંબડીયા તથા રેશાભાઈ ભુતાભાઈ બુંબડીયાને શરીરે ગંભીર ઈજા થતા બંનેના મોત નિપજ્યા હતા. તથા જીપમાં મુસાફરી કરી રહેલ રૂમાલભાઈ અને પીટીબેનને ઈજા થતા બંનેને સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ પોપટભાઈ બુંબડીયાએ જીપચાલક વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.